જિશિઅ/શિક્ષણ/મકમ/૮૯૧૪
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનીકચેરી,
અઠવાલાઇન્સ, સુરત.
તા:૧૫/૦૬/૨૦૨૩

પ્રતિ.
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક,નગર પ્રાથમિક શિક્ષણની શાળાઓ
સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ (તમામ).
સુરત જીલ્લો સુરત શહેર

વિષય:- "બિપરજોય વાવાઝોડા"ને કારણે શૈક્ષણિક કાર્ય બંધ રાખવા બાબત.
સંદર્ભ:માનનીય કલેકટરશ્રી સુરત દ્વારા મળેલી ટેલિફોનિક સુચના અન્વયે

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, હવામાન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના કેટલાકજિલ્લાઓમાંબિપરજોય વાવાઝોડા અસરથી પ્રભાવિત જિલ્લાઓમાં આપતિ સામે તૈયાર રહેવા સૂચના આપવામાં આવેલ છે. જે અન્વયે "બિપરજોય વાવાઝોડા"થી આપની શાળાઓમાં આવતીકાલે તા.૧૬/૦૬/૨૦૨૩માં રોજ શાળાનું શૈક્ષણિક કાર્ય બંધ રહેવા સૂચના આપવામાં આવે છે.

વધુમાં, શાળાના સ્ટાફે શાળા ખાતે હાજર રહી જરૂર પડ્યે શેલ્ટર હોમ તરીકે કામગીરીમાં સહકાર આપવા તથા અસરગ્રસ્ત વિસ્તારમાં વહીવટીતંત્ર સૂચવે તે રીતે કામગીરી અનેવહીવટીતંત્રને સંપૂર્ણ મદદગાર રહેવા આથી જણાવવામાં આવે છે.

(ડૉ. દિપક દરજી)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

(ડૉ. દિપક દરજી)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત સુરત

નકલ સવિનય રવાના:-
(૧) માન. કલેકટરશ્રી, કલેકટર કચેરી,સુરત તરફ જાણ સારૂ.
(૨) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, સુરત તરફ જાણ સારૂ.